માસ્તર કાનજી [illegible]મશી

માંડવી સ્કૂલ વિદ્યાર્થિ મંડળે

જૈનાચાર્ય શ્રી ૧૦૮ મદ્વિજયાનંદ સૂરિ (આત્મારામજી)

મહારાજની સ્વર્ગ તિથિના ઉત્સવમાં ગાયેલાં

ગાયનો તથા કરેલાં ભાષણો.

પ્રકાશક

વીરજી રાજપાળ માસ્તર

માંડવી સ્કૂલ મુંબઇ નં. ૩.

શેઠ શ્રી શાહ લખમસી ખેતસી કે જેઓ પ્રતિદિન જૈન ધર્મ પ્રત્યે પૂજ્યભાવના રાખે છે, અને જૈન કોમની સેવાર્થે સતત્ પ્રયાસ કરે છે. તેઓ સાહેબે આ લઘુ પુસ્તકનું છપામણી ખર્ચ આપી અમારી સ્કૂલના વિદ્યાર્થી મંડળના ઉત્સાહમાં વધારો કર્યો છે.

પ્રથમાવૃત્તિ પ્રત ૧,૦૦૦ વિના મૂલ્ય.

ગુજ... ...ભેટ-સંગ્રહમાસ્તર કાનજી કરમસી.

માંડવી સ્કૂલ વિદ્યાર્થી મંડળે.

"જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રી મદ્વિજયાનંદ સૂરિ (આત્મારામજી)
મહારાજની સ્વર્ગતિથિના ઉત્સવમાં ગાયેલા
ગાયન તથા ભાષણ."

૧

"પ્રભુ સ્તુતિ."

॥ ત્રોટક છંદ ॥

પ્રભુ વીર જિનંદ સુચંદ સમા, સમતા કરતા હર તાપ તમા,
તમ દૂર કરી ભવ ભીતિ હરી, હરિ નિત્ય નમે તુજ પાંવ પરી. ૧
પરમાતમ આતમ રામ રટું, રટના રટતો ભવમાં ન અટું;
અટવી ભવ તારક નાથ તમે, તમને જગતાત નમે ન ભમે. ૨
ન ભમે પ્રભુપાદ તળે અમરા, અમરાધિપ આણ ધરી પ્રવરા;
વર પંકજ હેમ સુખેમ ધરે, ધરણીપર વીર થઇ વિચરે. ૩
ચરણા તુમરા શરણા જગમેં, જગનાથ નિરંજન રૂપ ગમે,
ગમતા મન માન સરોવરમેં, રમતા જન તે ભવસાગરમે. ૪
ગરિમા ગુણવંત કરો કરુણા, કરુણાકર દીન દયાલ પુના;
પુનરાગમના નવિ થાય વિભો, વિભવાલય વીર નમો ભવિભો. ૫

૩

"ગુરૂ સ્તુતિ."

(સખી સ્વપ્નમહીં'......એ રાગ.)

ગુરૂ આતમરામ સુ સાધુ અતિ, મતિનાથ મનોભવ માથ અતિ,
અતિચાર વિના કિરિયા કરતા, કરતા ભવિ બોધ સુબોધ રતા. ૧
રત નાણુ વિષે યતિ ધર્મ ધની, ધનમાલ તજી મુનિરાજ બની,
બની શાંત નિજાતમ સાધનમેં, નમિ ભાવ ધરી પરમાતમમે. ૨
તમ દૂર કરી ભવભ્રાંતિ હરિ, હરિ પાંવ નમે જસ રીતિ ખરી,
ખર કામ ન નામ જરા મનમેં, મનસા વચસા તન દેવ નમે. ૩
નમ રાગ ધરી જસ રાગ નહી, નહિ દોષ નહિ નહિ તોષ સહી;
સહતે નિત વીસ દુ સાથ કરી, કર ધાર ખમા તરવાર ઠરી. ૪
ઠરતા જસ આતમ દેખ ગુની, ગુણવાન ગુણાકર જાન ધુની,
ધુન વલ્લભ લાગ-રહી સુગુરો, ગુરૂ આતમ આતમરામ ગુરો. ૫

૩

ધનાશ્રી.

આતમરામ આધાર ભવિકજન આતમરામ આધાર. ટેક.
સદ્ગુરૂ આતમરામ સુહંકર, નિજ સમ પર ગણનાર. ભવિકજન. ૧
સવત શત અડદશ ત્રાણુમે, ક્ષત્રિય કુલ અવતાર. ભવિકજન. ૨
સંવત ઓગણીસો દશ દીક્ષા, ઢુંઢક મત અનુસાર. ભવિકજન. ૩
સંવત ઓગણીસો બતીસા, સંવેગી સિરદાર. ભવિકજન. ૪
જ્ઞાન દરસ ચારિતર સુંદર, દેખી સંઘ મનોહાર ભવિકજન. ૫

સંવત ઓગણીસો ત્રેતાલા, પાલીતાણા મોઝાર. ભવિકજન. ૬
વિજયાનંદસૂરિ પદ દીનો, મંગલ જગ જયકાર. ભવિકજન. ૭
ગ્રંથ અનેક રચી જગ કીનો, નામ અમર ઉપકાર. ભવિકજન ૮
અમરિકા ચિકાગોકા શુભ, આમંત્રણ સ્વીકાર. ભવિકજન. ૯
ગાંધી વીર પ્રતિનિધી ભેજી, ડીનો જૈન પ્રચાર. ભવિકજન. ૧૦
હાર્નલ આદિ પ્રોફેસર કે, સંશય સઘરે નિવાર. ભવિકજન. ૧૧
ઇત્યાદિ ઉપકાર કિયે બહુ, કહતે નાવે પાર. ભવિકજન. ૧૨
જ્યેષ્ટ સુદિ ઓગણીસો ત્રેપન, આઠમ મંગલવાર. ભવિકજન. ૧૩
અનશાન કરી ગુરૂ સ્વર્ગે પંહુતે, આનંદ જય જયકાર. ભવિકજન. ૧૪
નામ ગુરૂ આનંદસે વિચરે, વલ્લભ ગુરૂ પરિવાર. ભવિકજન. ૧૫

G. M. DAGHA.

Secretary, Mandvi School Vidhyarthi Mandal.

Lives of Great men all remind us
We can Make our lives sublime,
And departing leave behind us
Footprints on the sand of time.—Longfellow.

GENTLEMEN,

We have met today to celebrate the 18th aniversary of the most learned and the most enlightened of his time and to do honour to the

sacred memory of Nyayambhonidhi Jainacharya Shri Atmaramji Anandvijayji Maharaj. Born as the son of a Kshatriya, he proved himself worthy, in his struggle lifelong against Karma, of the much coveted leadership of a holy band who gathered round the flag of a sacred war and who in the end got the wished for victory. Vijayanand Soori's erudition and his true conception of the teachings of our Lord Mahavir were unrivalled. Being the greatest scholar, he travelled far and wide and in his cycle of wanderings from the far off Punjab to Gujrat and Kathiawar he earned for himself a fame which was second to none in his time. He preached Jainism in its liberal sense and succeeded in convincing thousands of non-Jains of the theistic teachings of the most humane of all religions. In recognition of his great services to Jainism he was honoured with the most valuable title of "Jainacharya" and as such he was the recognised leader of the first order of the Jain brotherhood. He read much, thought much and wrote much.

It is a great satisfaction to us, gentlemen, to know that Jains and non-Jains, Asiatics, Europeans and Americans, without distinction of caste,

creed or locality, drank equally from his springs of learning. Swamy Yogajewanand Saraswati, an Indian Sanyasi of great learning, turned out to be the greatest believer in Jainsim by reading the Soori's great works and composed a verse in praise of the author which could be interpreted in 51 different ways. Dr Hoernle, Honorary Secretary to the Royal Asiatic Society, Calcutta, approached Atmaramji Maharaj from time to time with some difficult and intricate questions on Jainism and received satisfactory answers from him. He has expressed his indebtedness to the Mooniraj in the following terms:—"In a third appendix I have put together some additional information that I have been able to gather since publishing the several fascicale. For some of this information, I am indebted to Mooni Maharaj Atmaramji Anandvijayii, the well known and highly respected Sadhu of the Jain community through out India and author of (among others) two very useful works in Hindi. The Jain Tatwadarsha and the Agnana Timir Bhaskar. My only regret is that I had not the advantage of his invaluable assistance from the beginning of my work."

The great Acharya's fame was not confined to India only. It spread far and wide and at the hol-

ding of the World's Parliament of Religions in Chicago U S. America in 1893 A. D. he, as the recognised head of the Jain Community, was invited to attend the Congress as the representative of the Jains. The late Veerchand Raghavji Gandhi was chosen for the task (it being against the practice of the Sadhus to cross the sea) and Atmaramji Maharaj supplied him with the Chicago Prashnotra specially prepared by him for the occasion In the Parliament's report he is mentioned in the following words:—" No man has so peculiary identified himself with the interests of the Jain community as Muni Atmaramji. He is one of the noble band sworn from the day of initiation to the end of life to work day and night for the high mission they have undertaken. He is the high priest of the Jain Community and is recognised as the highest living authority on Jain religion and literature by oriental scholars."

An exmination of the causes that led Muni Atmaramji to occupy the highest seat in the order and to be well known in the East and the West is out of our present scope. Those who have seen him and come in contact with him are unanimous in their opinion that he was a great scholar, a great expounder of Jain principles and theories in their

true sense, a liberal-minded Sadhoo, a devotee, a sociable man, a loving Gooroo, an ascetic of the strictest type, and above all, a staunch advocate of education. Education was his watchword and he was bold enough to proclaim it with all the force at his command to his followers that their backward condition will improve then and then only when they will divert the channel of their charities from those of feeding, feasting and a hundred and one such like things to that of imparting secular and religious education to their young generation. We are glad to put on record our high appreciation of the true spirit in which Muni Maharaj Shri Vallabh Vijayji has acted to attain that end and we shall thank you, gentlemen, most cordially when we see that you have associated, for our benefit, with him not only with your heart and soul but also with your purse in establishing permanently the Shri Mahavir Jain Vidyalaya and thus proving yourselves worthy of rightly executing the poclamation of the great Acharya whose sacred and halloed memory may live in us for ever.

Amen? Date, 1-6-14.

Pujya Gurus, Ladies and Gentlemen,

We have met today not simply to celebrate the Jayanti of our renowned Jainacharya Shri Atmaramji Anandvijayji by platform speeches, but to see him enthroned in the heart of every Jain, to live as he lived, and to inspire in our youths a spirit of universal love duty and self knowledge.

A Kshatriya by birth he uptil last stood against Karma and rescued the ignorant and the distressed by his strong weapons of light and love. His ideal of life was Shri Mahavir and he walked in the footprints of the great Tirthankar. In a century when faith has hardly any place, and when individuality was prominent Shri Atmaramji by his deep knowledge, power of reasoning and impressive way of preaching and last but not the least his matchless love for humanity, unfurled the flag of Jainism even in lands where Jainism was simply a word of Dictionary.

His excellent paper on Jainism read by equally great man Mr. Gandhi at the world's Religious Congress at Chicago in 1893, brought forth universal love and admiration. If there had been any

Sadhu who leaving aside the worldly things, worked for the uplift of those living in the world, it was Mahatma Atmaramji. It was he who brought to light the hidden treasure of Jain literature and it was he who sowed the seeds of union, love in the present age.

To think of him, to walk in his words, to read remember and reflect on what he has said and written is the best of celebrating his Jayanti and if we do so, time is not distant when Jains shall produce many Atmaramjis and Gandhis.

J. R. MASTER,

Late secretary,

Mandvi School Vidyarthi Mandal.

માસ્તર કાનજી કરમસી

માંડવી સ્કૂલ વિદ્યાર્થી મંડળ.

પૂજ્ય મુનિરાજો, બ્હેનો તથા ભાઇઓ,

આજે આપણે એક માહાપુરૂષની જયન્તિ ઉજવવા એકઠા થયા છીએ અને તમે જાણતા હશો કે હરકોઇ મહાપુરૂષની જયન્તિ ઉજવવામાં, આપણે પોતાનોજ સ્વાર્થ સમાયલો છે કારણકે જે મહાપુરૂષની જયન્તિ ઉજવવા આપણે ઉજમાલ બનીએ તેમના

અસાધારણ ગુણો નમુનારૂપે આપણી દ્રષ્ટિ સમક્ષ રજુ થવાથી આપણું પોતાનું ચરિત્ર ઉચ્ચ બને છે. મહાનપુરૂષો આ દુનિયાના નાટક તખતા ઉપર પોતાને ભજવવાનો પાઠ બરાબર ભજવીને ચાલ્યા ગયા છે પણ જમીન ઉપર પગલાં મૂકતા ગયા છે કે જે પગલાં આપણા જેવા બાળ જીવોને માર્ગ સૂચવવાનુ કામ અચ્છી રીતે બજાવી શકે છે.

ત્યારે આપણે આજે કયા મહાપુરૂષની જયન્તિ ઉજવવા તૈયાર થયા છીએ ? જે મહાપુરૂષ આપણા આધુનિક જૈનમુનિવર્ગમાં સર્વ શિરોમણિ તરીકે ગણાતા હતા એવા એક ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્યશ્રી આત્મારામજી આનંદવિજયજી મહારાજ કે જેમણે એક ખરા ક્ષત્રિયની માફક કર્મરિપુ સામે યુદ્ધ કરી જૈનસમ.જના માનવ ત અગ્રેસરનું પદ પ્રાપ્ત કર્યું હતું. શ્રી મદ્‌વિજયાનંદ સૂરિનું શાસ્ત્રજ્ઞાન અને શ્રી મહાવીર પ્રભુના ઉપદેશેલા સિધ્ધાન્તોનુ રહસ્ય સમજવાની એમની શકિત ખરેખર અનુપમ હતી. સ્વધર્મનુ પોતાને જે પ્રાપ્ત થયું હતું તેનો લાભ બીજા સંખ્યાબંધ માણસોને આપવાના ઉદાર આશયથી તેઓ પંજાબથી ગુજરાત અને કાઠિયાવાડ સુધી અનેક ગામો અને શહેરોમા વિચર્યા હતા. અને એમના શિક્ષણથી લોકો એટલા બધા પ્રસન્ન થયા હતા કે એટલી લોકપ્રિયતા એમના જમાનાના બીજા કોઈ મુનિને ભાગ્યેજ મળી હશે. હજારો અન્યધર્મીઓને તેમણે જૈનધર્મનું અદ્‌ભુત સ્વરૂપ સમજાવ્યું હતું અને તેઓમાં પવિત્ર જૈનધર્મનો શોખ જગાડયો હતો. તે વિદ્વાન મહાપુરૂષે ઘણું ઘણું વાંચ્યું હતું, ઘણું વિચાર્યું હતું અને ઘણું

લખ્યું હતું. આ સર્વથી ઉપકૃત થએલા જૈનવર્ગે તેમને "જૈનાચાર્ય" નો અત્યંત માનનીય ખિતાબ અર્પણ કર્યો હતો.

બધુઓ! જૈનાચાર્ય શ્રી મદ્વિજયાનંદજી મહારાજ કાંઇ માત્ર જૈનોનાજ ગુરૂ નહતા તેમણે જૈનો તેમજ જૈનેતરો, એસિયાટિકો, યુરોપીઅનો તેમજ અમેરિકનોને જૈન સ્યાદ્વાદનો સ્વાદ ચખાડયો હતો કારણકે દેશ, જાતિ કે વાડાનો ભેદ રાખ્યા સિવાય સર્વ ઉપર ઉપકાર કરવો એ તેમનો સિદ્ધાત હતો સ્વામી યોગજીવાનંદ સરસ્વતી નામના એક સમર્થ વિદ્વાન સંન્યાસીને આચાર્યશ્રીનાં રચેલા પુસ્તકો વાચવાથી જૈનધર્મ પર અને આચાર્ય શ્રી પર એટલી શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી કે તેમણે આચાર્યશ્રીની પ્રસંશા માટે કાવ્ય લખ્યુ હતું જેના ૫૧ અર્થ થઇ શકે છે.

રોયલ એસિયાટીક સોસાયટી કલકત્તા ઓનરરી સેક્રેટરીના ડૅા. હોર્નલે એઓ સા. આચાર્યશ્રી પાસે જૈનધર્મને લગતા અટપટા સવાલોના ખુલાસા મેળવતા. આ યુરોપિયન પંડિતે આચાર્યશ્રીની બહુ તારીફ કરી છે.

આ મહાન આચાર્યશ્રીની કીર્તિ કાંઇ હિંદમાંજ ગોંધાવી રહેવા સરજાયેલી ન હતી. અમેરિકાના ચિકાગો શહેરમાં ઇ સ. ૧૮૯૩ માં દુનિયાના તમામ ધર્મની કોંગ્રેસ અથવા સમ્મેલન પ્રસંગે જૈનકોમનો પ્રતિનિધિ મોકલવાનું જ્યારે આમંત્રણ મળ્યું ત્યારે એ આમંત્રણને સ્વીકારીને આચાર્યશ્રીએ સ્વર્ગસ્થ બંધુ વીરચંદ રાઘવજી ગાંધીને જૈનતત્ત્વજ્ઞાનના મુદ્દા શીખવીને કોંગ્રેસમાં મોકલ્યા હતા. એ કોંગ્રેસના રીપોર્ટમાં શ્રી મદ્ માટે ઘણા માનભર્યા શબ્દો નોંધાયા છે.

શ્રી આત્મારામજી મહારાજની આટલી બધી તારીફ થવાનાં મુખ્ય કારણો તેમની વિદ્વતા, રહસ્ય, શોધક વૃત્તિ, ઉદાર મન્તવ્ય, ધર્મપરાયણ જીંદગી, મળતાવડો સ્વભાવ અને કેળવણીની હિમાયત કરવાનો ખાસ નિયમ એ હતા. કેળવણીનો સવાલ એ એમનું જીવન હતું પોતાથી બને તેટલા જોરથી જૈનોને એ વિષયની અગત્ય સમજાવતા અને કહેતા કે જૈનોની ઉન્નતિ ત્યારેજ થશે કે જ્યારે જૈનો જમવા, જમાડવામાં, નાચ વરઘોડામાં, અને એવી હજારો ધામધૂમોમાં, ખર્ચ કરવાનું છોડી દઈ ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના પ્રચારને રસ્તે પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવા લાગશે. આચાર્યશ્રીનો એ ઉપદેશ મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજીએ પણ એવાજ ઉત્સાહથી ચાલુ રાખ્યો છે એ જોઇ કોને આનંદ નહિ થાય? શ્રી મહાવીર જૈન ધર્મ વિદ્યાલયની જે હિલચાલ તેમના ઉપદેશના પરિણામે પગભર થઇ છે તેને ગૃહસ્થો! તમારા તન, મન અને ધનથી પુષ્ટિ આપશો, તો હું માનીશ કે આપણા મહાન આચાર્યશ્રીએ જે ઉપદેશ માટે આખું જીવન વ્યતીત કર્યું હતું તે ઉપદેશની સાર્થકતા કરનારા ખરા ભકતો તમેજ છો. એ ઉપયોગી સંસ્થા જેમ વધારે મજબુત, વધારે ચીરંજીવી અને વધારે ઉપયોગી બનશે તેમ (શ્રી મદ્‌વિજયાનંદજી) મહારાજનું નામ વિશેષ અને વિશેષ અમર અને કીર્તિવાન બનશે.

તા. ૧-૬-૧૪.

જખુ દેવજી વીરા.
સેક્રેટરી, માંડવી સ્કૂલ
વિદ્યાર્થી મંડળ.

સાધુ મહાત્માઓ, સદ્દગૃહસ્થો અને બન્ધુઓ!

જયન્તિ એટલે બે ઘડી બેસી ભાષણો કરવાં કે સાંભળવાં, ખુલ્લામાં બેસી પવન ખાવો એ નથી. આજ જગ પ્રસિદ્ધ શ્રી જૈનાચાર્ય શ્રી વિજયાનંદસુરી (આત્મારામજી) મહારાજની જયન્તિ ઉજવવાનો પ્રકાર જુદો છે. આ મહાત્માનું નામ દરેક જૈનના હૃદયમાં કોતરાઇ રહે, એ મહાત્માએ જેમ જીવનનો સદુપયોગ કર્યો એમ યત્કિંચિત્ સદુપયોગ કરવા દરેક જૈન આજ પ્રતિજ્ઞા લે અને આપણાં બાળકોમાં ધર્મ કર્ત્તવ્યબુદ્ધિ અને આત્મજ્ઞાનનાં બીજો વવાય તોજ આજની જયન્તિ ઉજવાઇ કહેવાય.

બન્ધુઓ! મહાત્મા આત્મારામજી જન્મે ક્ષત્રિય હતા. અને એક મહાવીર તરીકે એમણે જીવનપર્યંત કર્મશત્રુ સામે દારૂણ યુદ્ધ વિજય મેળવ્યો હતો; અને જ્ઞાન અને સ્નેહના સબળ શસ્ત્રથી અજ્ઞાન અને અઢાર પાપોમાં પડેલા આત્માઓનું રક્ષણ કર્યું હતું. મહાત્મા ચરમ તીર્થંકર મહાવીરનું જીવન આત્મારામજીનું આદર્શ હતું. અને એ પરમાત્માને પગલે ચાલી ઉત્તમ જીવન ગાળ્યું હતું. જે સદીમાં શ્રદ્ધાનું નામ નહોતું, અહંભાવનું જોર હતું તે સદીમાં મહાત્મા આત્મારામજીએ પોતાના ઉંડા જ્ઞાન, તર્ક શકિત અને અસરકારક વ્યાખ્યાન કળાથી એટલુંજ નહિ પણ પ્રાણીમાત્ર પ્રત્યેના પ્રેમથી આ દેશમાં એટલુંજ નહિ પણ જ્યાં જૈનમતનો છાંટોએ ન હતો ત્યાં પણ જૈનમતનો વિજયવાવટો ફરકાવ્યો.

મહાત્મા આત્મારામજીએ ૧૮૯૩ માં અમેરિકાના ચિકાગો શહેરમાં મળેલી દુનિયાની ધર્મ પરિષદમાં જૈનધર્મ ઉપર એક લેખ લખી મોકલ્યો હતો અને તે લેખ મી. ગાંધીએ વાંચ્યો હતો આ લેખ એકે અવાજે પાશ્ચિમાત્ય પ્રજાએ વખાણ્યો હતો.

જો કોઇ સાધુ નીકળ્યા હોય-જેણે સંસારનો ત્યાગ કરીને સંસારીને તારવા પ્રયત્ન કર્યો હોય તો તે સાધુ આત્મારામજી હતા. જૈનાચાર્ય આત્મારામજી એજ જૈનધર્મનો છૂપો ભંડાર બહાર લાવી ધર્મવૃત્તિ, અહિંસા, સ્નેહ વગેરે આ યુગમાં ફેલાવ્યાં.

આવા પવિત્ર આત્મારામજીનું સ્મરણ કરવું, તેમના પગલે ચાલવું, તેઓ જે કાંઇ કરી ગયા છે કે લખી ગયા છે તે વાંચી-મનન કરી-નિદિધ્યાસન કરવું એજ જયન્તિ ઉજવવાનો મહાન ઉદ્દેશ અને પ્રકાર છે. અને એમ કરીશું તો ખાત્રી છે કે થોડા સમયમાં આપણી કોમમાંથી આવા મહાત્માઓ જરૂર પેદા થશે.

ઉમરસી સોજપાળ ધરમસી.

સેક્રેટરી માંડવી સ્કૂલ વિદ્યાર્થી મંડળ.

વાંચવા લાયક પુસ્તકો.

૧	કિષાકાન્ત રસિક નોવેલ પાના ૩૦૦.	૧—૮
૨	મૃદુલા. હિંદુ સંસારી વાર્તા	૦—૮
૩	રાજમાર્ગનો મુસાફર. બોધદાયક નાનું પુસ્તક.	૦—૪
૪	જીવનકલા.	૦—૧
૫	ટેલીફોન	૦—૬
૬	સિતારનો શોખ. વ્હેમી ભરથારે કરેલું ખુન વાર્તા	૦—૧૨
૭	ટોલસ્ટોયની વાર્તા. અતિ રસીલી	૦—૪—૦
૮	નવરંગી બાલકો. રસીલી વાર્તા.	૦—૪—૦
૯	રમીકચંદ્ર ભાગ ૪. નોવેલ	૧—૦—૦
૧૦	Selections from English Poets.	૦—૮—૦
૧૧	આસીસ્ટંટ કલેકટર. અતિ રસીલું નોવેલ પાના ૪૦૦	૧—૪—૦
૧૨	અમેલી હિંદુ સંસારી વાર્તા છપાય છે.	
૧૩	તરલા સંસારી વાર્તા છપાય છે.	
૧૪	મોહિની અતિ ઉત્તમ નોવેલ (ઓક્ષફર્ડ યુનીવર્સીટી પ્રેસ મુંબઇ.)	

લખો લેખકને:–ભોગીન્દ્રરાવ–ર. દીવેટીયા. બી. એ.

સાન્તાક્રુઝ અથવા અમદાવાદ.

આ મુંબઇ નં. ૯૩ ચીંચપોકલી પરેલરોડપર લેડીનોર્થકોટ હિંદુઓરફનેજ કે. એન. સેક્ષર પ્રેસમાં ધોંડીબા નારાયણ વનારસે છાપ્યું છે. અને વીરજી રાજપાળ માસ્તરે ઘર નં. ૨૯૫–૯૭ માંડવી સ્કુલ ખારેક બજાર મુંબઈ નં ૩ માં પ્રસિદ્ધ કર્યું છે